ગામતળ બહાર વિવિધ હેતુ માટે વીજ જોડાણો
આપવાની સર્વગ્રાહી નીતિ અમલમાં મૂકવાબાબત

**ગુજરાત સરકાર**
**ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ**
**ઠરાવ ક્રમાંક: જીયુવી-૨૦૧૬-૩૮૮૫-ક૧,**
**નવા સચિવાલય,ગાંધીનગર**
**તારીખ:૦૫/૦૭/૨૦૧૮**

**વંચાણે લીધા:**

(૧) ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનાં ઠરાવ ક્રમાંક: જીયુવી-૨૦૧૬-૩૮૮૫-ક૧, તા. ૨૪/૦૧/૨૦૧૭
(૨) ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનાં પત્ર ક્રમાંક: જીયુવી-૨૦૧૬-૩૮૮૫-ક૧, તા. ૦૬/૦૩/૨૦૧૭

**ઠરાવ:**

વિભાગનાં તા. ૨૪/૦૧/૨૦૧૭ નાં વંચાણે લીધેલ ક્રમાંક (૧) સામેના ઠરાવથી ગામતળ બહાર વિવિધ હેતુઓ માટે વીજ જોડાણો આપવાની સર્વગ્રાહી નીતિ અમલમાં મૂકવામાં આવેલ. ત્યાર બાદ તેમાં વંચાણે લીધેલ ક્રમાંક (૨) સામેનાં પત્રથી જરૂરી સુધારા/સુચનાઓ બહાર પાડવામાં આવેલ. હાલમાં વંચાણે લીધા ક્રમાંક (૧) સામેનાં ઠરાવનાં ક્રમાંક (૫) હેઠળ દર્શાવેલ બાબતો પૈકી ઝીંગા ફાર્મ માટે મત્સ્ય ઉદ્યોગનાં સક્ષમ અધિકારીનું સર્વે નંબર અને ઉપયોગિતા દર્શાવતું મંજૂરી પત્રક (Certificate of Registration of Costal Aquaculture Farm, GoI) માન્ય ગણેલ છે તેનાં બદલે અન્ય પ્રમાણપત્રો પણ માન્ય ગણવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઉક્ત વિગતોએ, પુખ્ત વિચારણાને અંતે, વંચાણે લીધેલ ક્રમાંક (૧) નાં ઠરાવનાં મુદ્દા નં-૫ માં, ઝીંગા ફાર્મને વીજ જોડાણ આપવા માટે નીચે મુજબની ઓથોરીટી પૈકી કોઈપણ એક ઓથોરીટીનું સર્વે નંબર અને ઉપયોગ દર્શાવતું પ્રમાણપત્ર માન્ય ગણવાનું આથી ઠરાવવામાં આવે છે.

- Certificate of Registration of Costal Aquaculture Farm, GoI
- Marine Products Export Development Authority (MPEDA) તરફથી આપવામાં આવેલ પ્રમાણપત્ર
- સંબંધિત તાલુકા મામલતદારશ્રીનું પ્રમાણપત્ર
- સંબંધિત તાલુકા વિકાસ અધિકારીશ્રીનું પ્રમાણપત્ર

સદર યોજનાનાં ઠરાવો/પત્રોની અન્ય શરતો/ધારાધોરણો યથાવત રહેશે.

ગુજરાત રાજ્યનાં રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ઈન્દીરા ગામીત)
ઉપસચિવ
ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના અંગતસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (અલગ પત્ર દ્વારા)
- માન. મુખ્યમંત્રીશ્રીના અંગતસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગતસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

પાછળ..

- માન. ઉર્જામંત્રીશ્રીનાં અંગતસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. ઉર્જામંત્રીશ્રી (રાજ્યકક્ષા) નાં અંગતસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સર્વે માન. મંત્રીશ્રીઓના અંગતસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સર્વે માન. રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગતસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સર્વે માન. સંસદીય સચિવશ્રીઓનાં અંગતસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- મુખ્યસચિવશ્રીના અંગતસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લીમીટેડ, વડોદરા
- મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, ઉત્તર ગુજરાત વીજ કંપની લીમીટેડ, મહેસાણા
- મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ, રાજકોટ
- મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, દક્ષિણ ગુજરાત વીજ કંપની લીમીટેડ, સુરત
- મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, મધ્ય ગુજરાત વીજ કંપની લીમીટેડ, વડોદરા
- વિભાગની સર્વે શાખાઓ
- સીલેક્ટ ફાઇલ/ ના. સે. અધિ. અંગત ફાઇલ